# આવા રસ્તા પરથી પસાર થવું કેવી રીતે

**કપરાડા** તાલુકાના ઘોટણ સુધીનો 12 કિમીનો માર્ગ અતિ બિસમાર

**વિકાસની** વાતો હવામાં, ચોમાસા દરમિયાન સમસ્યા ગંભીર બનશે

**આ** રોડ પરથી સવારે આવતી એકમાત્ર બસ પણ બંધ કરાતાં વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં



વલસાડ : વિકાસની વાતો વચ્ચે કપરાડા તાલુકાના ઘોટણ થઇ માની સુધીના 12 કિલોમીટર લાંબા માર્ગને સુવિધાયુક્ત બનાવવામાં તંત્ર અને રાજકીય હોદ્દેદારો નિષ્ક્રિય રહ્યા છે. જેને લઇ આ માર્ગનો ઉપયોગ કરતા ગામોના લોકોને મુશ્કેલી નડી રહી છે. વિશેષ કરી ચોમાસા દરમિયાન સમસ્યા ગંભીર બને છે.

સૂત્રોના જણાવ્યા મુજબ કપરાડા તાલુકામા વિકાસની વાતો કરતા રાજકીય પક્ષો કે તંત્ર દ્વારા નાશિક મુખ્ય માર્ગને જોડતા 12 કીમી લાંબા ઘોટણથી માની સુધીના માર્ગને બનાવવામાં તંત્ર નિષ્ક્રિય રહ્યું છે. આ માર્ગનો ઉપયોગ કરતા માની, ચીંચપાડા, વાંસદા જંગલ, ધનોખી, મોહપાડા, ખોબા, બોરપાડા, પીપરોટી, રાહોર, ઘોટણના લોકોને બિસ્માર રસ્તાને લઈ વિશેષ કરી ચોમાસા દરમિયાન સમસ્યા નડે છે. આ માર્ગ મુખ્ય નાશિક રોડનો જોડતો રસ્તો છે. ઉપરાંત આ માર્ગ પર સવારે આવતી એકમાત્ર બસ બંધ થઈ ગઈ છે. જેથી અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓને મોટી મુશ્કેલી ઊભી થઈ છે. જેથી રસ્તો બનવા સાથે બંધ કરાયેલો બસ રૂટ ફરી શરૂ કરવા સ્થાનિકો માંગણી કરી રહ્યા છે.

## આહવાની સરકારી કોલેજનાં પ્રા. પરેશ લાલૈયા પીએચ.ડી. થયા



સાપુતારા : આહવાની કોલેજ ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રાધ્યાપક ડૉ. પરેશભાઈ તુલસીભાઈ લાલૈયાએ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરતની સંલગ્ન એ.એલ.જે.પટેલ તથા ડી.જે.પટેલ કોલેજ ચકલાદ કોમર્સ વિભાગના પ્રાધ્યાપક ડૉ. સંજયભાઈ.આર.શિંદેના માર્ગદર્શન હેઠળ રજૂ કરેલા મહાશોધ નિબંધને યુનિવર્સિટીએ માન્ય રાખીને, પી.એચ.ડીની પદવી એનાયત કરી છે. જે માટે કોલેજ પરિવાર દ્વારા પ્રાધ્યાપક ડૉ.પરેશભાઈ ટી. લાલૈયાને અભિનંદન પાઠવાયા હતા.

## નવસારીમાં ઠંડીનો પારો અડધો ડિગ્રી વધી 13 પર પહોંચ્યો

નવસારી : નવસારીમાં ઠંડીનો પારો અડધો ડિગ્રી વધ્યો હતો. જોકે મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ગગડતા ઠંડી અનુભવાઈ હતી.

નવસારીમાં ઉત્તરાયણ બાદ અચાનક ઠંડીનો પારો ગગડીને 8 ડિગ્રી સુધી પહોંચતા કાતિલ ઠંડી અનુભવાઈ હતી. ગત 29મી જાન્યુઆરીએ ઠંડીનો પારો 11.5 ડિગ્રી નોંધાયા બાદ સતત વધતો રહ્યો હતો. જેથી ગત 9મીએ લઘુત્તમ તાપમાન 16.1 ડિગ્રીએ પહોંચ્યો હતો. જોકે ગત 10મીએ એક જ દિવસમાં ઠંડીનો પારો 4.1 ડિગ્રી ગગડીને 12 ડિગ્રીએ આવી પહોંચ્યો હતો. જેથી ગુલાબી ઠંડી પડી હતી. જે 3 દિવસમાં 1 ડિગ્રી વધ્યો હતો. આજે ઠંડીનો પારો અડધો ડિગ્રી વધ્યો હતો. જોકે મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાતા ઠંડી અનુભવાઈ હતી. આજે મંગળવારે ઠંડીનો પારો 0.5 ડિગ્રી વધતા 13 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાન વધુ 1.6 ડિગ્રી ગગડતા 30.4 ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 98 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 36 ટકા રહ્યું હતું. જ્યારે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાએથી 1.2 કિ.મી. ઝડપે પવનો ફૂંકાયા હતા.

## બીલીમોરામાં સીટી સર્વે અને પેટા તિજોરી કચેરીની ઈમારત અકસ્માતની રાહે




બીલીમોરા : બીલીમોરાના ગોહરબાગમાં બંધ પડેલી સીટી સર્વે અને પેટા તિજોરી કચેરીની ઈમારત જર્જરિત થઈ જતા દુર્ઘટના સર્જાવની શક્યતા રહેલી છે. પેટા તિજોરી અને સીટી સર્વેની કચેરી ગોહરબાગમાં આવેલી છે, પણ તેની ઈમારત જર્જરિત થતા બંને કચેરીઓનું અહીંથી સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ ઇમારતો એટલી બધી હદે જોખમી બની ગઇ છે કે તેની નજીક કોઇ પહોંચી ન જાય તે માટે વાંસની આડાશો મૂકી દેવાય છે. અહીંથી ઘણા દ્વિચક્રિ અને બીજા વાહનો પસાર થાય છે ત્યારે આ જર્જરિત ઈમારતના ગમે ત્યારે પોપડા ખરતા જ રહે છે. તંત્રએ શું કોઈ મોટો અકસ્માત થયા પછી જ એક્શનમાં આવવાનું મન બનાવી લીધું છે ? વહેલી તકે આ મકાનને ઉતારી લેવી જોઈએ જેથી કોઈના જાનમાલને નુકસાન પહોંચે નહીં.

## પાછલો રેકોર્ડ ખરાબ હોવાથી શિક્ષક અમારા ગામમાં જોઇતા નથી

**કપરાડાના** શિક્ષકની બદલી ધરમપુરના મરઘમાળ ગામમાં કરાતા ગ્રામજનોનો સખત વિરોધ




ધરમપુર : કપરાડા તાલુકાના સુલીયા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા નિલેશ જગુ પટેલની બદલી ધરમપુર તાલુકાના મરઘમાળ ગામે પ્રાથમિક શાળામાં કરવાનો તાત્કાલિક હુકમ કરાતાં મરઘમાળ પંચાયતના સરપંચ રજનીકાંત પટેલ તથા શાળાના એસએમસીના સભ્ય દમયંતી પટેલે જિલ્લા શિક્ષણ અધિકારીને આ હુકમ રદ કરવા રજૂઆત કરી છે. સાથે શિક્ષકનો પાછલો રેકોર્ડ ખરાબ હોય એવા શિક્ષક અમારા ગામમાં જોયતા નથી, એની શિક્ષણ ઉપર ગંભીર અસર પડશે. એવી રજુઆત કરી હતી. તેમણે કપરાડા તાલુકાના સુલીયા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક હાજર રહ્યા નહીં હોવાથી મરઘમાળ ગામે પ્રાથમિક શાળામાં કેવી રીતે બદલી કરવામાં આવી, એવી રજૂઆતકરી છે.

જો આ શિક્ષકનો તાત્કાલિક ધોરણે હુકમ રદ કરવામાં નહીં આવે તો શાળાના એસએમસીના સભ્યોએ શાળાનો ગેટ બંધ કરી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી આપી હતી. આ પ્રસંગે ગામના સરપંચ સહિત શાળાના એસએમસીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વલસાડમાં રોયલ્ટી વિના રેતી ભરીને જતા કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માત

**ચાલક** અકસ્માત બાદ કન્ટેનર મુકીને નાસી છૂટ્યો, કારમાં સવાર ચાર મુસાફરોનો આબાદ બચાવ




વલસાડઃ વલસાડના અટકપારડી વાંકી નદીના પુલ હાઈવે ઉપર રેતી ભરેલા કન્ટેનર અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલક સહિત ચારનો બચાવ થયો હતો. રેતી ભરેલું કન્ટેનર ચાલક મૂકીને ભાગી છુટ્યો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલસાડના અટકપારડી વાંકી નદીના પુલ નેશનલ હાઈવે નંબર 48 ઉપર એક બંધ કન્ટેનર રોયલ્ટી વગર રેતી ભરીને મુંબઈ તરફ જતું હતું. તે દરમિયાન પાછળથી આવી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે પુરઝડપે હંકારી લાવી નદીના પુલ ઉપર અકસ્માત સર્જ્યો હતો. જેમાં કાર ડિવાઈડર ઉપર ચડી ગઈ હતી. કારમાં ચાર જેટલા લોકો હતા, સદનસીબે એમનો બચાવ થયો હતો. અકસ્માતને લઈને લોકો દોડી આવ્યા હતા. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

કન્ટેનરમાં રેતી ભરેલી હોય ચાલક કન્ટેનર મૂકી ભાગી છુટ્યો હતો. જ્યારે વલસાડ રૂરલ પોલીસ અને સિટી પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. બંને પોલીસને હદ નક્કી કરવામાં ખાસ્સો ટાઈમ ગયો હતો. જો કે, આ બનાવ સિટી પોલીસની હદમાં બન્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હાલમાં અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

## બીલીમોરા રેલવે સ્ટેશને ટ્રેન અડફેટે મહિલાનું કરુણ મોત

બીલીમોરા : બીલીમોરા રેલવે સ્ટેશન દક્ષિણ યાર્ડ સ્થિત ૨૧૫/૨૩-૨૫ કીમી વચ્ચે અપલાઈન ઉપર સોમવારે રાત્રે ૮:૫૫ કલાકે ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેન નં.૧૨૯૦૪ ની અડફેટે ૩૫ થી ૪૦ વર્ષની મહિલા આવી જતા માથાની ખોપડી અને શરીરે ગંભીર ઈજા થતાં તેનું કરુણ મોત નિપજ્યું હતું. અજાણી મહિલા મજબૂત બાંધાની, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ પાંચ ફૂટ ચાર ઈંચ, જેણે કોફી કલરની સફેદ લાઈનીંગ પટ્ટા વાળી સાડી, ડાર્ક કોફી કલરનું બ્લાઉઝ અને લાલ રંગનો ચણીયો પહેર્યો હતો. બીલીમોરા રેલવે પોલીસનાં હેડ કોન્સ્ટેબલ ભાવસિંગભાઈ નારાયણસિંહભાઈએ અ.મોત નં12/2024 સીઆરપીસીની કલમ 174 મુજબ નોધી અજાણી મૃત મહિલાના વાલી વારસોએ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ પોલીસ ચોકીનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

## કર્નલ સી.કે.નાયડુ અંડર-23 ક્રિકેટ ટુર્નામેન્ટમાં જમ્મુ સામે ગુજરાતનો 190 રને વિજય

**દમણના** ક્રિકેટર અને ગુજરાતની ટીમના ઓલરાઉન્ડર સરલ પ્રજાપતિએ મેચમાં 8 વિકેટ ઝડપી તરખાટ મચાવ્યો

વલસાડ : વલસાડ ખાતે શરૂ થયેલી ટુર્નામેન્ટમાં પ્રથમ દિવસે જ 21 વિકેટ પડી હતી. મેચના પ્રથમ દિવસે ગુજરાત 104 તો જમ્મુ કાશ્મીરની ટીમ 100 રનમાં ઓલઆઉટ થઈ હતી.

ગુજરાતે બીજા દાવમાં 335 રનનો તોતિંગ સ્કોર બનાવ્યો હતો. જેમાં સૌથી વધુ રિશી પટેલે 123 રન બનાવ્યા હતા. જ્યારે જમ્મુ કાશ્મીરની ટીમ બીજા દાવમાં 54.3 ઓવરમાં માત્ર 149 રન બનાવી ઓલ આઉટ થતા ગુજરાતનો 190 રને વિજય થયો હતો. મેચના હીરો રહેલા ગુજરાતની ટીમના સરલ પ્રજાપતિએ 20.3 ઓવરમાં માત્ર 54 રન આપી 7 વિકેટ મેળવી હતી.

જ્યારે પ્રથમ દાવમાં 1 મળી કુલ 8 વિકેટ ઝડપી હતી. સરલના કોચ ભગુ પટેલે સરલના આ પ્રદર્શન અંગે ખુશી વ્યક્ત કરી હતી.

## પારડીના બાલદા ગામે શિવમહાપુરાણ કથાનો મંગલ પ્રારંભ, પોથીયાત્રા નિકળી

પારડી : પારડીના બાલદા ગામે આવેલા કોટેશ્વર મહાદેવ મંદિરની સામે રવિવારે શિવ મહાપુરાણ કથાનો મંગલ પ્રારંભ થયો હતો. અનાવિલ મંડળ દ્વારા ધરમપુરના કથાકાર બટુક વ્યાસના સાનિધ્યમાં દેસાઈ ફળિયા મરી માતાના મંદિરેથી પોથીયાત્રા નિકળી હતી, જે કથા સ્થળે પહોંચી વલ્લભ આશ્રમના સ્વામી હરિપ્રસાદદાસજીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરાયું હતું.

## ડાંગ જિલ્લો ૧૦૦ % 'હર ઘર નલ' યુક્ત જાહેર ને પાણીની હાલાકી યથાવત્

**જિલ્લાના** આંતરીક રસ્તાઓ અત્યંત જર્જરિત, મનરેગામાં ભ્રષ્ટાચાર સહિતના પ્રશ્ને ડાંગ કોંગ્રેસનું સુબીર મામલતદારને આવેદનપત્ર



સાપુતારા : ડાંગ જિલ્લાનાં વિવિધ પડતર પ્રશ્નોને લઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિએ સુબીર તાલુકા મામલતદાર મારફતે મુખ્યમંત્રીને આવેનપત્ર પાઠવ્યુ હતુ. જે આવેદનપત્રમાં આવાસ યોજના, વિકાસ માટે રસ્તાઓ પહોળા કરવા જેવા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લાને સરકાર દ્વારા ૧૦૦ ટકા "હર ઘર નલ, નલ પે જલ" યુક્ત જાહેર કરેલો છે. જોકે કેટલાક ગામોમાં લોકોએ પાણી માટે હાલાકી વેઠવી પડી રહી છે. જિલ્લાના આંતરીક રસ્તાઓ અત્યંત જર્જરિત થઈ ગયા છે. જેના કારણે પ્રસુતિના કિસ્સામાં, સર્પદંસનાં કિસ્સામાં સમયસર સારવાર નહીં મળવાના કારણે ગરીબ આદિવાસીઓએ મોટી કિંમત ચુકવવી પડે છે. તેમજ મનરેગાના કામમાં ભ્રષ્ટાચાર આચરીને મજૂરો સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વિષમતા જોવા મળી રહી છે. જેને દૂર કરવાની માગ કરી હતી. જિલ્લાના છેવાડાનાં નિશાણા જેવા ગામોમાં સિંચાઈનું પૂરતુ પાણી પહોંચતુ કરવા જેવા અનેક પડતર પ્રશ્નોને લઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સુબીર તાલુકા મામલતદાર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. વધુમાં આ તમામ પ્રશ્નોને ધ્યાને લઈને સરકાર દ્વારા યોગ્ય નિરાકરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાંથી ચોરેલી મોપેડ કલર બદલી વેચવા જતા ત્રણ ચોર ઝડપાયા



નવસારી : નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે ચોરેલી મોપેડ કલર બદલી વેચવા જતા ત્રણ ચોરને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે તેમજ પોકેટટોપ મોબાઈલના આધારે નવસારી તાલુકાના ભૂત ફળીયામાં રહેતા ઋતિક ગણેશભાઈ હળપતિ, વિજલપોર શુશ્રુષા હોસ્પિટલ સામે રહેતા સાહિલ ઉર્ફે શનિ સંજયભાઈ રાઠોડ તેમજ મૂળ વલસાડ તાલુકાના ડોંડિયા ટેકરા આંધીયાવાડ અને હાલ નવસારી તાલુકાના અડદા ગામે વજીફા ફળિયામાં રહેતા નયનભાઈ ઉર્ફે ઉમેશભાઈ રાઠોડને ચોરીની મોપેડ (નં. જીજે-21-એઈ-8018) સાથે ઝડપી પાડ્યા હતા. સાથે જ પોલીસે 7 હજાર રૂપિયાના 3 મોબાઈલ કબ્જે કરી કુલ્લે 47 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓ જાહેર જગ્યાએ પાર્ક કરેલી બાઈક-મોપેડના સ્ટિયરીંગ લોક તોડી ચોરી કરી લઈ જતા હતા. અને ત્યારબાદ બાઈક-મોપેડનો કલર બદલી વેચી દેતા હતા. પોલીસે મોપેડ ચોરી સાથે ત્રણ આરોપીને ઝડપી પાડી નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

### વાંસદાની સત્ય સાંઇ લક્ષ્મી મોહન વિદ્યાલયના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો




વાંસદા : વાંસદાની શિવમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સત્ય સાંઈ લક્ષ્મી મોહન વિદ્યાલય વિદ્યાલય મહુવાસમાં ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓની શુભેચ્છા સાથે તેજસ્વી તારલાઓનો કાર્યક્રમ ડ્રીમ વિલેજના ડાયરેક્ટર પ્રકાશ નાયકનાં અધ્યક્ષ પણે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુરત જિ. આચાર્ય સંઘ સંચાલક મંડળના પ્રમુખ ગોહિલ, સુરત જિ. ઉચ્ચતર માધ્યમિકના પૂર્વ પ્રમુખ ભુપેન્દ્રસિંહ રાણા, વાંસદા ટી.પી.ઓ. હરીશભાઈ, હીરાભાઈ પમનાની, ટ્રસ્ટી સંજય સોલંકી, શાળાના મેનેજીંગ ટ્રસ્ટી અને દક્ષિણ ગુજરાત યુનવર્સિટીના સેનેટ મેમ્બર તથા અખિલ ગુજરાત શાળા સંચાલક મંડળનાં ઝોન ચેરમેન ડૉ.કમલેશ ઠાકોર, નવસારીના ચાટર્ડ એકાઉન્ટ કૃષ્ણકાંત કાપડિયા હભાગી બન્યા હતા. આચાર્ય કલ્પેશભાઈ, આચાર્ય સંઘના મહામંત્રી હર્ષદસિંહ પરમાર, માનવતાની મહેક ટ્રસ્ટનાં પ્રમુખ લક્ષ્મણ મોરડીયા, મહેશભાઈ, ચંદુભાઈ, રામજીભાઈ, પ્રવિણભાઈ, ધર્મેશભાઈ અને ડાંગ જિ. શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ વિજેતા જીગ્નેશ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વલસાડ જિ. આચાર્ય સંઘના પ્રમુખ પંકજસિંહ પરમાર, મહુવાસ ગ્રામ પંચાયતના વહીવટદાર મનીષ ઢીમ્મર, આંબાબારી શાળાના ઇન્ચાર્જ આચાર્ય જયંતભાઈ, છીબુભાઈ ઠાકોર, અમૃતસિંહ સોલંકી તેમજ આંબાબારી શાળા સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વાલીજનો પધાર્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે પ્રકાશ નાયકે 1,21,000 નું દાન આપ્યું હતું. કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના કેમ્પસ ડાયરેક્ટર દિશાંત ઠાકોર અને પ્રિન્સિપલ હર્ષા મેડમ, પ્રિન્સિપલ દામિની મેડમે પુરુ પડ્યું હતું.

### JEEની પરીક્ષામાં ચીખલીના સમરોલીની શાળાનું શ્રેષ્ઠ પરિણામ



ઘેજ : નવસારી જિલ્લામાં JEE (MAINS)- ૨૦૨૪ પરીક્ષામાં ચીખલીના સમરોલીની શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાધામ અંગ્રેજી માધ્યમ શાળાનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું હતું. જેમાં પાર્થ ગાંધી (૯૯.૭૬), રુદ્ર શાહ (૯૯.૩૭), ધ્યેય પટેલ (૯૮.૧૦), હેમીન મિસ્ત્રી (૯૬.૬૫), સ્નેહા મિસ્ત્રી (૯૧.૮૩), મિલન લાડ (૯૦.૮૫) પર્સન્ટાઇલથી પાસ થયા છે. જ્યારે મોટેભાગના વિદ્યાર્થીઓ ૮૫.૦૦ પર્સન્ટાઇલ વધારેથી ઉત્તિર્ણ થતા શાળાના પ્રમુખ સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી, નિપુનભાઈ તેમજ શાળાના આચાર્ય ભરતસિંઘ ભદૌરીયાએ શાળાના વિદ્યાર્થી તથા શિક્ષકોને પરીક્ષાની સફળતા માટે અભિનંદન તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

### પરિયાના ક્રિકેટ ગ્રાઉન્ડ પર સ્ટાર અભિનેતા અને સાંસદ મનોજ તિવારી ક્રિકેટ ખેલાડીના લુકમાં દેખાયા




પારડી : પારડી તાલુકાના પરીયા ગામમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભોજપુરી અભિનેતા અને ભાજપના સાંસદ મનોજ તિવારી અને તેની ટીમ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્રેક્ટિસ કરવા માટે આવી પહોંચી હતી. ટીમના કેપ્ટન મનોજ તિવારી, ઉપકેપ્ટન દિનેશલાલ યાદવ સહિત સેલિબ્રિટી ક્રિકેટ લીગ ક્રિકેટ સીસીએલ ક્રિકેટ વગેરેઓના ખેલાડીઓ પ્રેક્ટિસ કરવા ગ્રાઉન્ડ પર આવી પહોંચ્યા હતા. અભિનેતા મનોજ તિવારીની મુલાકાતમાં જાણવા મળ્યું કે દુબઈમાં રમાનારી ક્રિકેટ ટુર્નામેન્ટ મેચની પ્રેક્ટિસ માટે તેઓ પોતાની ટીમ સાથે આવ્યા હતાં. તેઓએ જણાવ્યું હતું કે 8 ટીમો જે દુબઈમાં 24 ફેબ્રુઆરીના રોજ રમશે.

### અતુલમાં ફ્લાવર શો 2024 નું ભવ્ય આયોજન




વલસાડ : અતુલ ટાઉનશીપના હિલસાઇડ કોલોની-1 માં 9 ફેબ્રુઆરીથી 25 ફેબ્રુઆરી, 2024 સુધી ફ્લાવર શોનું આયોજન કરાયું છે. જે વલસાડના લોકો માટે અનોખું આકર્ષણ ઊભું કરી રહ્યો છે. આ ફ્લાવર શો નો હેતુ અતુલ ગામ અને કોલોનીના રહેવાસીઓ તેમજ અતુલની આજુબાજુના ગ્રામજનો માટે રહેવાલાયક અને સુમેળભર્યું વાતાવરણ બનાવવાનો છે. આ શોના મુલાકાતીઓ માત્ર અતુલ કોલોનીના જ નથી પણ નજીકના ગામો તેમજ વલસાડ અને પારડીથી પણ આવે છે. ફ્લાવર શોમાં 15 પ્રકારના વિદેશી ફૂલો અને 45 થી વધુ પ્રજાતિઓના ખેતી-પાકો અને ઔષધીય છોડ વાવેલા છે. આસપાસના ગામોના અનેક વિદ્યાર્થીઓ અતુલ ગ્રામીણ વિકાસ ફંડ દ્વારા સીએસઆર પ્રવૃત્તિઓના ભાગસ્વરૂપ ફ્લાવર શોની મુલાકાત લે છે. શો દરમિયાન સાંજના સમયે સ્પોટ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. જેનો બાળકો ભરપૂર આનંદ ઉઠાવે છે.